હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

હવે તો એક જ ઉપાય છે, મતદારને એવું કહી જુઓ કે તમે અમને મત આપો... નહી તો તમારો વિકાસ થઈ જશે...!!

શહેરમાં દિવાળી પુર્વે વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી પૂર્ણ કરી દેવાશે

વૃક્ષોના ટ્રીમીંગ માટે વનતંત્રએ મશીન ખરીદવા માટે પણ દરખાસ્ત તૈયાર કરી

ગાંધીનગર તા ૬

શહેરમાં વરસાદી દિવસોના અંતે વનવિભાગ દ્વારા વૃક્ષોના ટ્રીમીંગ માટે ઝુંબેશ શરૂ કરી દેવાઈ છે. ચોમાસા દરમિયાન મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ વૃક્ષોની નમી પડેલી તોતિંગ ડાળીઓ દુર કરવા સ્થાનિક રહીશો દ્વારા પ્રબળ માંગ ઉઠવા પામી હતી. જયારે હાલ શહેરમાં ટ્રીમીંગનુ કામ શરૂ કરી દેવાયુ છે. આગામી દિવાળી સુધીમાં વૃક્ષોના ટ્રીમીંગનુ કામ પુર્ણ કરી દેવાશે. જયારે વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી યાગ્ય રીતે અને ઝડપથી થાય તે માટે વન વિભાગ દ્વારા ટ્રીમીંગનુ નવુ મશીન ખરીદવા માટે પણ દરખાસ્ત કરાશે.

શહેરના સેકટરોમાં હરિયાળી વનરાજીનો ઘેરાવો જોવા મળી રહયો છે. જયારે નગરને વધુ હરિયાળુ બનાવવા માટે વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરી નવા વૃક્ષો ઉછેરવા માટે પણ આયોજન કરવામાં આવે છે. બીજીતરફ શહેરમાં સુકાયેલા અને ભયજનક વૃક્ષોની સંખ્યા પણ વિશેષ હતી જેને ધ્યાને લઈ અગાઉ વનતંત્ર દ્વારા સુકા અને જોખમી વૃક્ષોને જમીનદોસ્ત કરવામાં આવ્યા હતા. પરંતુ ટ્રીમીંગની કામગીરી છેલ્લા ઘણાં સમયથી યોગ્ય રીતે ન થતા સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ વૃક્ષોની તોતિંગ ડાળીઓ નમી પડેલી હાલતમાં જોવા મળી રહી છે. મુખ્ય માર્ગો આસપાસ પણ વૃક્ષોની નમી પડેલી ડાળીઓનુ યોગ્ય ટ્રીમીંગ થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. ત્યારે વનતંત્ર દ્વારા શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગનુ કામ શરૂ કરી દેવાયુ છે. ચ માર્ગ પર ટ્રીમીંગનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. આ ઉપરાંત માર્ગો આસપાસની ઝાડીઓમાં વરસાદના અંતે ઉગી નિકળેલુ ઘાસ અને વનસ્પિત દુર કરવા માટે પણ સફાઈ હાથ ધરવામાં આવી છે. વનતંત્ર માટે ટ્રીમીંગનુ કામ કરવાનુ મુશ્કેલ બને છે. શહેરમાં વૃક્ષોની સંખ્યા વિશેષ છે. જયારે અનેકવાર વી આઈ પી મહાનુભાવોની અવરજવર રહેતા તેમના રૂટમાં પણ ટ્રીમીંગ કરવાની અનિવાર્યતા ઉભી થાય છે. આવા સંજોગોમાં કોર્પોરેશન હસ્તકનુ મશીન પણ વનતંત્રને મળતુ નથી. જેના લીધે ટ્રીમીંગની કામગીરી ઝડપથી થઈ શકતી નથી. જેને ધ્યાને લઈ વનવિભાગ દ્વારા નવુ મશીન ખરીદવા માટે દરખાસ્ત કરવામાં આવશે.

ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિના પડતર પ્રશ્નો અંગે આંદોલનના માર્ગે

ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિ દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે સરકારમાં અવારનવાર રજુઆત કરી છે. છતા હજુ સુધી સરકાર દ્વારા કોઈ પણ પ્રકારનો હકારાત્મક અભિગમ અપનાવ્યો નથી.જેથી સંકલન સમિતિએ આગામી તા.૯ ઓકટોબરના રોજ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાનો કાર્યક્રમનું આયોજન કર્યું છે. તેમ છતા કોઈ ઉકેલ નહી આવે તો આગામી તા. ૧૬ ઓકટોબરના રોજ અમદાવાદ ખાતે મહારેલીનું આયોજન કર્યું છે.

ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિના પડતર પ્રશ્નોમાં ગ્રાન્ટ ઈન્ ઈડ સંસ્થાઓ અને વર્કચાર્જ કર્મચારીઓ તેમજ બાકી રહેતા તમામને સાતમાં પગારપંચનો લાભ આપવો, ઘરભાડા ભથ્થુ, ટ્રાવેલ એલાઉન્સ, તબિબિ ભથ્થું, તેમજ અન્ય બાકી રહેતા ભથ્થા, નિવૃતિ વય મર્યાદા ૫૮ થી ૬૦ કરવી તેમજ પુનઃ નિયુકતી પ્રથા રદ કરવી, છઠ્ઠા પગારપંચનું ઉચ્ચતર પગાર ધોરણ ૧૦-૨૦-૩૦ આપવું, કર્મચારીઓને મેડીકલેઈમ તેમજ હેલ્થ કાર્ડ આપવું, આઉટ સોર્સીંગ તથા કોન્ટ્રાકટ પ્રથા બંધ કરવી, રહેમરાહે નોકરી પ્રથા ફરીવાર શરુ કરવી,જિલ્લાકક્ષાએ ઘરથાળના પ્લોટ આપવાનો અમલ કરવો સહિતના પ્રશ્નનો સમાવેશ થાય છે. સરકાર દ્વારા ટુંક સમયમાં આ તમામ પ્રશ્નો અંગે નિર્ણય જાહેર નહીં કરવામાં આવે તો કર્મચારીઓ ઉગ્ર લડતના મુડમાં જણાયા છે.

જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો ૧૪મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત સરકારે હવે ૧૨, ૧૩, ૧૪ ઓકટો. દરમ્યાન રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળા યોજવાનો નિર્ણય કરેલ છે અને તે અન્વયે ગાંધીનગર જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો ૧૪મી ઓકટો.ના રોજ યોજવામાં આવશે.

જિલ્લાના પ્રભારી મંત્રી ડૉ. નિર્મલા વાઘવાણીના અધ્યક્ષપદે આ ગરીબ કલ્યાણ મેળો યોજાશે જેમાં ગુડાના ચેરમેન આશિષ દવે અને ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

અગાઉ સપ્ટેમ્બર માસમાં આ ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરાયુ હતુ પરંતુ છેલ્લી ઘડીએ તે સ્થગિત કરી દેવાનો નિર્ણય સરકારે લીધો હતો.

હવે રાજ્ય સરકારે આજે આ નિર્ણય કરી અને જિલ્લાઓને તે પ્રમાણે જરૂરી આયોજનો કરવા માટે આગળ વધવાની સૂચનાઓ આપતાં તંત્ર પુનઃ એકવાર ગરીબ કલ્યાણ મેળાના આયોજનની તૈયારીમાં વ્યસ્ત થઈ ગયું છે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં બે હજારથી વધુ લાભાર્થીઓને આ મેળામાં લાભ આપવાનું આયોજન તૈયાર કરાયુ છે. જેમાં ૩૩ પ્રકારની સ્વરોજગારીની કીટોનું વિતરણ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

ચિલોડા વિસ્તારમાં કપાસના પાકમાં સુકારાના રોગથી ખેડૂતો ચિંતાતુર

મોંમા આવેલો કોળિયો ઝુંટવાય તેવી સ્થિતિ

ચિલોડા, તા. ૬

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારના ગામોમાં અસહ્ય ગરમીના કારણે કપાસના લીલાછમ પાકમાં

ઓચિંતો સુકારાના પાકથી પીળા પાન થતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે. કપાસના ખેતરોમાં રોગચાળાના ભરડાથી લીલાછમ કપાસના છોડ ખાખરો જણાતાં ખેતરો સુકાભઠ્ઠ થઈ ગયા છે. ચાલુ સાલે મેઘરાજાની પધરામણી સમયસર અને માફસર રહેતા ખેડૂતોમાં ખુશીની લહેર હતી. મગફળી અને કપાસ જેવા પાકોનું વાવેતર સારા પ્રમાણમાં થતાં ખેડૂતો ખુશખુશાલ હતા. ડાંગર, મગફળી, કપાસથી લહેરાતાં ખેતરોથી ખેડૂતો હર્ષઘેલા બન્યા હતા. પરંતુ વરસાદ વિરામ બાદ નવરાત્રી મહોત્સવની ઉજવણી દરમ્યાન અચાનક ગરમીના મોંજાથી વાતાવરણમાં પલટો મારતા ગરમીની સીધી અસર મોમાં આવેલો કોળિયો ઝુંટવાઈ જવાના સંકેતોથી ખેડૂત આલમમાં સુકાતા કપાસના મોલથી ભારે ચિંતા જન્મી છે. તૈયાર ઉભો પાકમાં સુકારાના રોગ લાગુ પડતા લીલોછમ કપાસ અચાનક પાંદડા સુકાઈ પીળા પડી રહ્યા છે. કપાસના પાક માટે મબલખ ખર્ચ કર્યા બાદ કપાસની કેરી તથા ફૂલ સુકાતા પાક નિષ્ફળ જાય તેવી સ્થિતિ શર્જાઈ છે. કપાસનો લીલોછમ પાકને બચાવવા ખેડૂતો દવાનો છંટકાવ તથા પિયત દ્વારા પાણી આપ્યા છતાં વધુ સુકારાનો રોગ વધતાં ચિંતાજનક સ્થિતિ બની છે. કપાસનો પાક સુકાતા ખેડૂતોના મોંમા આવેલો કોળિયો ઝુંટવાતાં એક સાંધતા તેર તૂટે તેવી સ્થિતિથી આર્થિક ફટકો સહન કરી રોવાનો વારો આવ્યો છે. સુકારાના રોગથી કપાસના ઉત્પાદન પર સીધી અસર પડે તેવી શક્યતા રહેલી છે.

ચક્ષુદાન માટે જાગૃતિ આણવા શહેરમાં 'બ્લાઈન્ડ રેલી'નું આયોજન

ગાંધીનગરના પેથાપુર સ્થિત સાબરમતી સમૃધ્ધિ સેવા સંઘ દ્વારા આગામી તા. ૧૨મી ઓકટોબરે શહેરમાં ચક્ષુદાન પ્રત્યે જાગૃતિ ફેલાવાના આશયથી એક બ્લાઈન્ડ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલી તા. ૧૨મી ઓકટોબરે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન શહેરના પથિકાશ્રમ એસ.ટી.ડેપોથી સેંટ ઝેવિયર્સ સ્કુલ સુધી યોજાશે. જેમાં સામેલ થનાર તમામ વ્યકિતઓ આંખે પાટા બાંધી રેલીમાં જોડાશે.

વિશ્વમાં એક અંદાજ મુજબ આશરે ૩૮.૫ કરોડ વ્યકિતઓ આંખની દૃશ્યશકિતની સમસ્યા અનુભવી રહ્યા છે. જેમાં ૩.૯ કરોડ વ્યકિતઓ તો સંપૂર્ણ પણે પ્રજ્ઞાચક્ષુ છે. ભારતમાં વિશ્વના ત્રીજા ભાગના પ્રજ્ઞાચક્ષુઓ એટલે કે ૧.૫ કરોડ પ્રજ્ઞાચક્ષુઓ છે. જેમાંથી મોટાભાગના કોઈના ચક્ષુદાનની રાહ જોઈ રહ્યા છે.

આવતીકાલે સાહિત્ય સભાનો પાદપૂર્તિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૬

ગુજરાતી સાહિત્ય તથા ગુજરાતી ભાષાના સંવર્ધન તથા પ્રચાર-પ્રસાર સાથે નવોદિતોને સાહિત્ય રસ તરફ વાળવાના હેતુસર ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા આગામી તા. ૮મી ઓકટોબર રવિવારના રોજ સાંજના ૫.૩૦ કલાકે સે-૨૧માં નમન એપાર્ટમેન્ટ ખાતે બે કવિઓની બે પંકિતઓ પરથી તેની પાદપૂર્તિ કરીને નવી કૃતિનું સર્જન કરવા સાથે સ્વમુખે પઠનનો કાર્યક્રમ સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ 'વનવિહારી'ની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો છે. આ સાથે અનુકૂળતા મુજબ કવિઓ પોતાની અન્ય કૃતિઓની પણ રજુઆત કરી શકશે. પાદપૂર્તિ કાર્યક્રમમાં હરીશ ધોબીની પંકિત 'જીભથી સારકી પછી એ વાત અંગત ના રહી, એટલી ચર્ચાઈ કે એની નજાકત ના રહી' અને કરસનદાસ લુહારની પંકિત 'હજુ એ ચુસું છું, સ્મરણોનો મધમીઠો સાંઠો, છમ્મ લીલુડી ભોમ અને વાત્રકનો ભીનો કાંઠો' અને પંકિતઓની સ્પર્ધકે પાદપૂર્તિ કરવાની રહેશે.

રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટની બેઠક યોજાઈ

ઉગમણા સતાવીશ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા ટ્રસ્ટની તમામ આજીવન મહિલા સભ્યો તથા ટ્રસ્ટના તમામ હોદેદારો અને સલાહકાર સભ્યોની મહિલાપાંખ ઉભી કરવા માટેની બેઠક તાજેતરમાં આંબેડકર હોલ ખાતે મળી હતી. ત્યારબાદ હાજર મહિલાઓએ ચર્ચા વિચારણા કર્યા બાદ સર્વાનુમતે મધુબેન કેશવલાલ મેહરીયા ગામ માણેકપુરની કન્વીનર તરીકે વરણી કરાઈ હતી.મધુબેન સમાજના આગેવાન કે.એમ. મેહરીયાના ધર્મપત્ની છે. વરણીબાદ સૌ મહિલા સભ્યોએ તેઓને તાળીઓના ગળગળાટથી વધાવી લીધા હતા. સંસ્થાના વિકાસની વાતો કરવામાં આવી હતી. અને વરણી બાદ સૌ સભ્યોએ સાથ અને સહકાર આપવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે પીયુષ જાદુગર અને તેમની ટીમ દ્વારા ચમત્કારથી ચેતો ના વિવિધ જાદુ બતાવવામાં આવ્યા હતા. જાદુગર દ્વારા મહિલાઓને અંધશ્રધ્ધાથી દુર રહેવા અપીલ કરવામાં આવી હતી.

ટુંકી મુદતની જાહેર નિવિદા નં.૯ સને ૨૦૧૭-૨૦૧૮ (બીજો પ્રયત્ન)

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં. ૧૮, પાટનગર યોજના ભવન, સેક્ટર નં. ૧૬, બી-બ્લોક, બીજો માળ, ગાંધીનગર, (ટેલીફોન નં. ૦૭૯-૨૩૨૫૬૦૩૨)ની કચેરીએથી અંદાજીત રકમના રૂ. ૨.૯૮ થી ૨.૯૯ લાખ સુધીની રકમના કુલ ૩ (ત્રણ) કામો માટે સીલબંધ કવરમાં ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૧૧/૧૦/૨૦૧૭ (૧૬ કલાક સુધી) રહેશે અને ભાવ ભરેલા ટેન્ડર રજી. પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા. ૧૭/૧૦/૨૦૧૭ છે. શક્ય હશે તો ભરાઈને પરત મળેલ ટેન્ડર તા. ૧૮/૧૦/૨૦૧૭ના રોજ ૧૨-૦૦ કલાકે ઈજારદારશ્રીની હાજરીમાં ખોલવામાં આવશે.

આ કામની વિગતવાર નિવિદા તથા ટેન્ડર માંગવાની અરજી સાથે જોડવાના દસ્તાવેજોની યાદી આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. જરૂરી જણાયે વધુ વિગતો માટે જાહેર રજાઓના દિવસો સિવાય કચેરીના કામકાજના દિવસો દરમિયાન આ કચેરીનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

માહિતી/૧૯૨૫/૧૭-૧૮

સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય

માર્ગ વિકાસ વડે સૌરાષ્ટ્રમાં ખૂલશે વિકાસનાં દ્વાર

શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

વડાપ્રધાનશ્રીના વરદ્‌હસ્તે યોજાનાર કાર્યક્રમો

રૂ.૨૮૯૩ કરોડના ખર્ચે ૨૦૧.૩૧ કિ.મી. લંબાઈના અમદાવાદ-બામણબોર-રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગના **છમાર્ગીયકરણ**

તથા

રૂ.૩૭૫ કરોડના ખર્ચે

રાજકોટ-મોરબી ૬૪.૮૦ કિ.મી. લંબાઈના રાજ્ય ધોરીમાર્ગના **ચારમાર્ગીયકરણનો** ભૂમિપૂજન સમારોહ

સમયઃ બપોરે ૧:૦૦ કલાકે, **સ્થળઃ** ચોટીલા

નવનિર્મિત IIT ભવન-ગાંધીનગરનું લોકાર્પણ તથા પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજીટલ સાક્ષરતા અભિયાન યોજનાનો શુભારંભ
તારીખઃ ૭-૧૦-૨૦૧૭, સમયઃ ૩:૩૦ કલાકે સ્થળઃ IIT પાલજ-ગાંધીનગર

આંતરમાળખાકીય સુવિધાઓના નિર્માણમાં ગુજરાત અગ્રેસર - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત